`


# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC 'A' (3.02) State University

યુનિવર્સિટી રોડ, પો. બો. નં.–૨૧, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫

ફોન : ૨૨૨૭૪૫, ૨૩૦૫૨૯, ૨૩૦૭૪૩, ૨૩૩૬૪૮ ફેકસ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in Website : www.ngu.ac.in


**પરિપત્ર નં : ૩૫/૨૦૧૮**

**વિષયઃ પરીક્ષાઓના આંતરીક ગુણ મોકલવા બાબત.**

આથી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ તથા તમામ સબંધકર્તાશ્રીઓને જાણ તથા અમલ સારૂ પરિપત્રિત કરવામાં આવે છે કે...

૧. કેટલીક કોલેજો / ભવનો ધ્વારા લેવામાં આવતી જુદી જુદી પરીક્ષાઓના આંતરીક ગુણ પરીક્ષા પુર્ણ થયે તથા પરીણામ જાહેર થવાના સમયે પણ યુનિવર્સિટીમાં મોકલી આપવામાં આવતા નથી.

૨ પરીણામની કામગીરી દરમ્યાન યુનિવર્સિટીએ આંતરીક ગુણ માટે વારંવાર ટેલીફોનથી કે ઈ–મેઈલથી જાણ કરી મંગાવવામાં આવે છે.

૩. યુનિવર્સિટીના પરીપત્રનું પાલન થતુ નથી. જેથી પરીણામ જાહેર કરવામાં વિલંબ થાય છે. અને વિદ્યાર્થીઓ વારંવાર પરીણામ અંગે પૃચ્છા કરે છે.

૪. આથી રીઝલ્ટ સેન્ટરના ઈ–મેઈલ : **internal@ngu.ac.in** પર રેગ્યુલર અને રીપીટર બંને પ્રકારના પરીક્ષાર્થીઓના આંતરીક ગુણ યુનિ.ની પરીક્ષાઓ પુર્ણ થાય તે પહેલા અવશ્ય મોકલી આપવા. અન્યથા આપની કોલેજનું પરીણામ અનામત રાખવામાં આવશે. જેની જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

૫. એક વખત ઈ–મેઈલથી મોકલેલા આંતરીક ગુણ ફરીથી સુધારીને બીજી વખત ઈ–મેઈલથી મોકલેલા હશે તો સુધારેલા ગુણ સ્વિકારવામાં આવશે નહી. તેના માટે અલગથી પત્ર લખી પરીક્ષા નિયામકશ્રીની મંજુરી લેવી પડશે.

૬. ઈ–મેઈલથી આંતરીક ગુણ મોકલનારનું નામ, હોદ્દો, તેમનો મોબાઈલ નંબર, ઈ–મેઈલ અને કોલેજ કોડ વિગેરે અવશ્ય લખવું. જેથી કોઈ સમસ્યા હોય તો સંપર્ક કરી શકાય.

૭. જે વિદ્યાર્થીઓ હોલ / પાર્ટની આંતરીક ગુણની પરીક્ષામાં નાપાસ થયેલ હોય તેની પુનઃ પરીક્ષા લઈ ગુણ મોકલી આપવા.

આંતરીક પરીક્ષામાં નાપાસ હોય અને બાહય પરીક્ષામાં પાસ હોય તેવા વિદ્યાર્થીને બંને પરીક્ષા આપવાની રહેશે.

**(મિતુલ એમ. દેલીયા)**
**કા.પરીક્ષા નિયામક**

જા.નં. રી.સે./પરી/૬૯/ ૨૦૧૮
હેમ.ઉ.ગુ.યુનિ., પાટણ.
તાઃ ૧૦ – ૦૪–૨૦૧૮

`

**પ્રતિ,**

૧. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ. સંલગ્ન તમામ વિદ્યાશાખાઓની કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના વડાશ્રીઓ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારૂ

૨. પોસ્ટ ગ્રેજ્યુએટ કોલેજના આચાર્યશ્રી / વડાશ્રી તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારૂ

૩. માન્ય સંસ્થાના આચાર્યશ્રી તથા વડાશ્રી તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારૂ.

૪. હેડકલાર્ક – ખાનગી શાખા / જનરલ શાખા (પરીક્ષા)

૫. કુલપતિશ્રીના અંગતસચિવશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ તરફ

૬. સિસ્ટમ એનાલિસ્ટશ્રી,રીઝલ્ટ સેન્ટર તરફ જાણ તેમજ યુનિ.ની **Web-site** પર દરેક કોલેજોનેમોકલવા કાર્યવાહી સારૂં.

૭. પરીક્ષા શાખાના મદદનીશ કુલસચિવશ્રી તેમજ કચેરી અધિક્ષકશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ તરફ જાણ સારૂ.